॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● આષો સુદ-૧૨ ● તા. ૨૮-૧૦-૨૦૨૦ ● બુધવાર SDP NO: 193 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ગુજરાત ની ગ્રીન ઇકોનોમી.....
INDUSTRIAL AGROFORESTRY MEET- 2020

દક્ષિણ ગુજરાત વિભાગ ના ભરૂચ વન સરક્ષક સર્કલ ના ifs ડો.શશીકુમાર ના અભિગમે કડોદરા પાટીદાર ભવન મુકામે સવારે ૧૦ વાગે "Agro Forestry and Industries Meet-2020" એક પરિસંવાદ રાખવામાં આવેલ છે. જેમાં દક્ષિણ ગુજરાત ના વુડ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએસન, અગ્રણી ખેડૂતો અને તજજ્ઞ સાથે ગ્રીન ઇકોનોમી અંગે ચર્ચા મંતવ્ય અને સુજાવ સાથે એક્સન પ્લાન નું આયોજન કરવા સાથે નવસારી કૃષિ યુનિવર્સીટી ના સોસીયલ ફોરેસ્ટ્રી ના નિષ્ણાત તેમજ GREEN ECONOMY ના આ સમીટ મા વિચાર મંથન માં દક્ષિણ ગુજરાત ની જનતા જોડાયેલ જેમાં એગ્રો ફોરેસ્ટ્રી અને ઇન્ડસ્ટ્રીઝ સમીટ-૨૦૨૦ અનુસનધાને સેમિનાર નું આયોજન ૨૭ ઓક્ટોબર ના રોજ પાટીદાર ભવન કડોદરા સુરત મુકામે કરવામાં આવેલ..

જેમાં ગુજરાત રાજ્ય ના વન સરક્ષક ભરૂચ સર્કલ ના ડો. શશીકુમાર ના અધ્યક્ષ સ્થાને આ સમીટ માં દક્ષિણ ગુજરાત ના સામાજિક વનીકરણ ના સુરત નવસારી નર્મદા વલસાડ અને ભરૂચ ના નાયબ વન સંરક્ષક અને તેમના વિસ્તાર ના તમામ વનીકરણ ના રેન્જ ફોરેસ્ટ ઓફિસર સાથે નો સ્ટાફ અને ટિમ ઉપસ્થિત રહેલ..

પલસાણા રેજ ફોરેસ્ટર જીગર ટંડેલ દ્વારા સહુ ને માસ્ક આપવામાં આવેલ અને સહુ નું સ્વાગત સન્માન તુલસી ના રોપા દ્વારા કરવામાં આવેલ..

દક્ષિણ ગુજરાત ના જુદા જુદા ટીમ્બર અને પ્લાયવુડ તેમજ અન્ય ઉદ્યોગકારો અને NGO ની પણ ઉપસ્થિતી રહેલ..

ગુજરાત રાજ્ય માં રણ છે તો સમુદ્ર પણ છે અને સાથે જંગલ પણ છે. સપાટ ધરતી છે તો ડુંગરાળ પ્રદેશ છે.. આવા સંજોગે પણ ગુજરાત માં સામાજિક વનીકરણ ના કારણે હરિયાળું ગુજરાત છે અને તે રાષ્ટ્રીય લેવલે અન્ય રાજ્ય માં એક ઉદાહરનીય બાબત છે.. એક સમય હતો કુદરતી વૃક્ષ ઉગતા ને તેની સફાઈ કરી ને ખેતી ને વિકસાવી.. ખેતી ની ઉપજ માં દેશ ને સ્વાવલંબી બનાવવો તે સમય ની તાતી જરૂરિયાત હતી..

ખેતી માં ખુબજ પ્રગતિ કરી ને દેશ ને ખેત પેદાસ માં આધુનિક ટેકનોલોજી અને સિંચાઈ પાણી ની જોગવાઈ થકી વધુ ઉત્પાદન કરતા દેશ ની હરોળ માં ભારતીય ખેત નિષ્ણાતો દ્વારા ભારત રાષ્ટ્ર ની સમૃદ્ધિ તરફ ની ગતિશીલતા માં વધારો કરેલ..

આમ. આજે દેશ ખેતી માં સમૃદ્ધિ તરફ છે પણ વિકાસ ની અને લોકો ની જરૂરિયાત જે પહેલા લાકડાં આધારિત ઘર મકાન માં વપરાતું લાકડું ના કારણે વન ઉપજ નો વપરાશ વધ્યો.. જેના કારણે પણ વૃક્ષ નું કપાણ થવું તે સહજ છે. આમ આજે ખેતર માં અન્ય ઉપજ વધુ મેળવવા ને વણછો લાગતા તેનું કપાણ પણ થયું... આપણા ભારતીય લાકડાં નો વપરાશ યુરોપ દેશ તેમજ પૂર્વ ના દેશ માં પણ ખુબજ થતો હતો..

આઝાદી બાદ લોકશાહી માં સામાજિક વનીકરણ યોજના નો એક અભિગમ બન્યો ને તે અમલીકરણ થયું.. આમ પાંખા થતા જંગલ વિસ્તાર ને સામાજિક વનીકરણ ના અભિગમે હરિયાળી ક્રાંતિ કરવાના કાર્ય ને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને તેના આયોજન થયા..

આજે ગ્રીન ફોરેસ્ટ્રી ના આ સમીટ માં ડો. શશીકુમાર દ્વારા આજ ના વિષય ને અનુસંધાને ખેડૂત ના મંતવ્યો લેવામાં આવ્યા ત્યારબાદ જુદા જુદા વિસ્તાર ના વેપારીઓ ઉદ્યોગકારો ના મંતવ્ય લેવાયા..

બીલીમોરા ના પ્રવીણભાઈ દ્વારા સ્થાનિક પ્રજાતી ના જ વૃક્ષ નું વાવેતર થાય જેમાં કિરાઈ નું વાવેતર અતિ ઉત્તમ રહશે એવું જણાવેલ. સામાજિક વનીકરણ યોજના ના અમલીકરણ ના શરૂઆત ના વર્ષો માં જે રોડ અને નહેર તેમજ પડતર જમીન માં વાવેતર થયું જેનો લાભ આજ ઇન્ડસ્ટ્રીઝ ને છે અને ઉદ્યોગ વિકસેલ છે એવું ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન ના પૂર્વ પ્રમુખશ્રી ભાણજીભાઈ દ્વારા માહિતી આપવામાં આવેલ.

સુરત જિલ્લા વુડ બેઝ ઇન્ડસ્ટ્રીઝ એસોશીએસન ના પ્રમુખશ્રી વિનોદ પટેલ દ્વારા હાલ માં લકડાનો વપરાશ પ્લાય માં વધુ થઈ રહેલ છે તો તેવું રિસર્ચ દ્વારા જરૂરી લાકડાં નું ઉત્પાદન કરવામાં આવે અને યમુનાનગર હરિયાણા નો પોપ્લર નો દાખલો પણ આપવામાં આવેલ..

આ પ્રસંગે નવસારી કૃષિ યુનિવર્સીટી ના સોસીયલ ફોરેસ્ટ્રી ના આધ્યાપક દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી કે ભ્રામક જાહેરાત થી ખેડૂતો ને છેતરાઈ ના જવું જરૂરી માહિતી અને જાણકારી મેળવી ને જ વાવેતર કરવું..

ગુજરાત રાજ્ય ના દેશી બાવળ અને આંબા ના જુના વાવેતર થકી આજે પણ લાકડાં ઉદ્યોગ નો વિકાસ છે અને જે અંગે બારડોલી પ્રદેશ ટીમ્બર એસોસીએસન નું એક અભ્યાસુ ડેલીગેસન ગત માર્ચ મહિના માં રાજસ્થાન ના જોધપુર અને જયપુર ના ક્રાફ્ટ ઉદ્યોગ ની વિઝીટ પણ કરેલ હતી. જેની માહિતો પ્રમુખશ્રી ગૌરંગ પટેલ દ્વારા આપવામાં આવેલ.

અંત માં આજની ચર્ચા ની ફલશ્રુતિ માં તાલુકા લેવલે મધુવન નિર્માણ કરવાનું નક્કી થયેલ..

॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર વાંચો અને વંચાવો... સનાતન ધર્મ પત્રિકા જાગૃત ઉજાગર

સમાજની પ્રગતિનું સાચું પ્રતિબિંબ

વ્હાલા જ્ઞાતિજનો,

જય સનાતન , સહ આત્મીય વંદન.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર 'સનાતમ ધર્મ પત્રિકાલ્ર માસિક બહાર પડી રહ્યું છે. ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૦ નો અંક એક સંભારણા સ્વરૂપે દીપોત્સવી અંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. આ વિશેષાંક ભારતભરમાં આપણી સમાજ તેમજ વિવિધ સંસ્થાઓ અને સનાતનીઓના ત્યાં સંસ્કારના બીજનું વાવેતર થાય, આવતી પેઢીમાં સમાજ પ્રત્યેનો લગાવ વધે તે ભાવના સહ બહાર પાડવા જઈ રહ્યા છીએ. તેમાં આપણી સંસ્કૃતિને છાજે તે રીતના લેખો, સનાતની સમાજની વાતો, અહેવાલો, બાળકોના શિક્ષણની મોટીવેશનલ વાતો, આપણી મૌલિક ભાષામાં જ આપવામાં આવનાર છે અને સાથે-સાથે રાબેતા મુજબની કોલમ તો ખરી જ, તો આપ શ્રીને નમ્ર અપીલ કે આપની ધંધાકીય પેઢી કે સંસ્થાની જાહેરખબર, શુભેચ્છા સંદેશ સાથે શુભેચ્છાઓ, શ્રદ્ધાંજલી, વ્યક્તિ વિશેષ ગૌરવ, પ્રતિભાશાળી વ્યક્તિત્વનો પરિચય આપણાં પોતાના મુખપત્ર સનાતન ધર્મ પત્રિકા માં આપી જરૂરી સહયોગ આપશો એવી અપેક્ષા. જે સભ્યોને પોતાના વ્યવસાયની જાહેરાતો આપવાની હોય તેઓ માટે આ અંક એક ઉત્તમ નજરાણું બની રહશે. દરેક માનવંતા જ્ઞાતિજનોને પોતાની જાહેરાતની વિગત મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દિવાળી નવેમ્બર 2020 ની શુભેચ્છા જાહેરાત ના ભાવ

	Qurter Page	Half Page	Full Page
First Page (Glossy)	NOT AVAILABALE	15000	NOT AVAILABALE
Second Page (Glossy)	6000	11000	21000
Last Page (Glossy)	7500	14000	25000
Second Last Page (Glossy)	6000	11000	20000
Third Page	0	0	12000
Last Third Page	0	0	12000
Other Page	3000	5500	10000
રોકડા કોલમ શુભેચ્છા જાહેરાત પ્રત્યેકના 1000 Rs.			
Shraddhanjali	3000	5500	10000
Vidyarthi gaurav	Vidyarthi gaurav 80 % More Free (Fix Size)		
	80 % Below 200 Rs. (Fix Size)		
	વિશેષ ગૌરવ 500 Rs.		
	જન્મ દિવસ શુભેચ્છા 500 Rs.		
દિવાળી ની જાહેરાત ની રકમ ડિસ્કાઉન્ટ સાથે છે માટે રોકડા લેવામાં આવશે			
ખાસ નોંધ :- બેંક એકાઉન્ટ ની માહિતી			
BANK NAME: HDFC BANK- BRANCH: NAKHATRANA		A/C NO: 50100224236385	
A/C NAME: SHRI AKHIL BHARA KUT KADVA PATIDAR SAMAJ		IFSC CODE: HDFC0003037	

★ સંપર્ક સુત્ર ★

૧ શંકરભાઈ રવાણી-9829051960
૨ નિતિનભાઈ લીમ્બાણી-9443377812
૩ શાંન્તિભાઈ નાકરાણી-9425095529
૪ મહેન્દ્રભાઈ સેંઘાણી-9322233527
૫ CA પંકજ પારસીયા-9879369121
૬ બાબુભાઈ ભાવાણી-9879084949

નોંધ : આપની જાહેરાત આ E Mail id પર મોકલી આપવા વીનંતી.

sanatandharmpatrika2020@gmail.com

અમૃતભાઈ નાકરાણી (અંકલેશ્વર)
CEO – 7718977774

સુવિધા કેન્દ્ર : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
૫૦૧-૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેશ હબ કોમ્પલેક્ષ, નરોડા-દેહગામ રોડ, એસ.પી. રિંગરોડ પાસે, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦.

Mo.: +91 77189 77774 E-mail : office@sanatandharmpatrika.com Web: www.sanatandharmpatrika.com

महाअष्टमी का महा आयोजन KKP Rajnandgaon के द्वारा कल सम्पन्न हुआ, माता रानी का आशीर्वाद सब पर हमेशा बना रहे यही कामना

યુવા પાટીદાર સંમેલન યુવા પાટીદાર સંમેલન યુવા પાટીદાર સંમેલન

તા.૨૭/૧૦/૨૦ ને મંગળવારે સાંજે:-૬:૦૦ કલાકે ભવ્ય પાટીદાર યુવા સંમેલન નું આયોજન નખત્રાણા માં કરવામાં આવેલ

રાજકીય મિશન ના કન્વીનર વસંત ભાવાણી ખાસ છત્તીસગઢ થી ઉપસ્થિત રહી ને પોતાની મજબૂત યુવાસંઘ ટિમ અને મજબૂત મકસદ સાથે અબકી બાર ડો.સેંઘાણી ને મત ના પૂર્ણ વિશ્વાસ ના રણકાર થી નખત્રાણા ની સભા માં કર્યો શંખનાદ..

જેમાં પાટીદાર સમાજ ના સર્વાંગી વિકાસ અર્થે આ ભવ્ય આયોજન પ્રસંગે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર કેન્દ્રીય યુવાસંઘના આદરણીય પ્રમુખશ્રી ડો.વસંતભાઈ ધોળુ સાથે યુવાસંઘની ટીમ અને રાજકીય મિશન ના કન્વીનર વસત ભાવાણી રાયપૂર થી પધારી નેં શિક્ષિત ઉમેદવાર ડો.શાંતિલાલ સેંઘાણી સાહેબ ના વિજય માટે માર્ગદર્શન પૂરું પડેલ તો આ પ્રસંગે તમામ પાટીદાર ભાઈઓ/બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ને સમાજ ના વિકાસ માં સહયોગ આપવા વિનંતી કરેલ.

માતૃ શક્તિ ને પૂજનીય કહી ને આ વખતે શક્તિ નો પડગો આપવા નો યુવાસમેલન માં અપીલ..

નખત્રાણા માં મળેલ ઐતિહાસિક પાટીદાર ની રાજકીય સભા માં નખત્રાણા લખપત ના પાટીદાર ની કરવામાં આવેલ અવહેલના તેમજ માંડવી હોસ્ટેલ મુદે વર્તમાન સરકાર ના અધિકારીઓ અને પક્ષ ના નેતા ને સાચી વાત ની વારંવાર આપેલી માહિતિ તેમજ તેમજ પુરાવા પછી પણ શ્રીસમાજ ની હોસ્ટેલ ની મિલકત બાબતે સરકારે કરેલી અનદેખી તેમજ વિવાદ ને ઉકેલવા ના સરખા પ્રયાસ પણ ના કરતા રોષે ભરાયેલ યુવા સઘઠને જરૂર અગ્રેસર થઈ ને પોતાના નેતા ને ચૂંટી ને સરકાર માં મોકલવાના આ અવસર ને સાકાર કરવા ની પૂર્વ યુવાસંઘ લીડર દ્વારા કરેલી અપીલ..

યુવા સઘઠને જરૂર અગ્રેસર થઈ ને પોતાના નેતા ને ચૂંટી ને સરકાર માં મોકલવાના આ અવસર ને સાકાર કરવા ની પૂર્વ યુવાસંઘ લીડર દ્વારા કરેલી અપીલ..

સમાજનું ગૌરવ MASTER OF PHARMACY (Pharmaceutics)

કુ. દિક્ષા જયંતિલાલ વાઘડિયા

નાગપુર : અત્રેના જય ખંડેશ્વર સૉ મીલના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી જયંતીલાલ જીવરાજભાઈ વાઘડિયાની સુપુત્રી કુ. દિક્ષાએ CGPA : 9.00 મેળવી બ્રાંચમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પાટીદાર સમાજ અને વાઘડિયા પરિવારનું ગૌરવ વધારેલ છે.

॥ શુભેચ્છક ॥

દાદી-દાદા. :

કમળાબેન જીવરાજભાઈ વાઘડિયા.

માતા-પિતા :

રેખાબેન જયંતીલાલ વાઘડિયા અને

સમસ્ત વાઘડિયા પરિવાર. (Mo. 9423427792)

કુ. દીક્ષા એ કરેલી ઉપલબધિઓ

- કુ દીક્ષા એ 2019 માં NIPER Training (National Institute of Pharmaceutical Education and Research) S.A.S Nagar, Punjab થી કરેલ છે.

- 2019 માં Nagpur University મા પ્રથમ સ્થાન આવેલ હતા તેથી ૨ Gold Medal પ્રાપ્ત કરેલ હતા.

તેમજ Lupin Scholars Award પ્રાપ્ત કરેલ હતું.

2018 માં ૨ National Level ની પરીક્ષા G.P.A.T તેમજ N.I.P.E.R પાસ કરેલ છે.

તેમના ૨ Research Paper International Journal of Chemtech/ Phatmatech માં Publish કરેલ છે.

અભિનદીત કરવામાં આવે છે

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૬. ૧૦. ૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૪૮ :

ટેસ્ટ મેચ માં સૌથી ધીમી સદી મારનાર બેટ્સમેન નું નામ શું છે... ??

જવાબ : મુદ્દસર નજર (પાકિસ્તાન ખેલાડી ૧૧૪ રન - ૪૪૯ બોલ, ૫૫૭ મિનિટ)

જવાબ આપનાર વિજેતા : અલ્પા મયુર સાંખલા - ચિખલી ૭૩૮૩૨૩૫૦૦૧.

ગઈકાલ તા.૨૭.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૪૯ :

ભારત રત્ન વિનોબા ભાવે નું વર્ધા મુકામે આવેલ આશ્રમ નું નામ શું છે...?

આજના પ્રશ્ન નંબર ૧૫૦ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા **7718977774** પર મોકલો અને જીતો ઇનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

આજની ચિંતનકણિકા

બાળકોના નિર્દોષ મનમાં અવનવા વિચારો ચાલતા રહે છે. એ મોટાંઓએ સમજવા કઠિન હોય છે. એ શું વિચારે તે કળવું મુશ્કેલ હોય છે. ક્યારેક કોઈક પ્રશ્નના એવા જવાબ તેઓ આપી દે છે કે જેની આપણે કલ્પના પણ ન કરી હોય.

જો માતાપિતા અને શિક્ષક ચતુર હોય અને બાળકની વાતોને Between the lines fu Beyond the lines જોઈ શકે તો બાળકની અદ્ભુત વાતો સમજી શકે.

એક નમૂનેદાર ઘટના જોઈએ...

સાતમા ધોરણમાં ભૂગોળ-શિક્ષકે દુનિયાની સાત અજાયબીઓની નોંધ કરવાનું વિદ્યાર્થીઓને કહ્યું. એક વિદ્યાર્થિનીએ ઇજિપ્તના પિરામિડ, તાજમહેલ વગેરે લખવાને બદલે આમ લખ્યું :

૧. સ્પર્શવું ૨. સ્વાદ પારખવો ૩. જોઈ શકવું ૪. સાંભળી શકવું ૫. દોડી શકવું ૬. હસવું ૭. ચાહવું, પ્રેમ કરવો શિક્ષક સ્તબ્ધ થઈ ગયા. એમને થયું કે ભૂગોળની દૃષ્ટિએ ભલે આ ખોટું હોય, પણ આ છોકરી જરાય ખોટી નથી !

વાસ્તવમાં, ઘણી વાર મોટાંને જે વાત સમજતાં વર્ષો લાગી જાય તેવી વાત બાળક રમતાં રમતાં...વાતવાતમાં કહી દેતું હોય છે. માટે તેને કદી ઓછું ન આંકવું.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ.

SUV international school

આગામી તહેવારોની ડાયરી

તારીખ:	૩૧/૧૦/૨૦૨૦	શનીવાર	શરદપૂનમ
તારીખ:	૧૨/૧૧/૨૦૨૦	ગુરુવાર	વાઘબારસ
તારીખ:	૧૩/૧૧/૨૦૨૦	શુક્રવાર	ધનતેરસ
તારીખ:	૧૪/૧૧/૨૦૨૦	શનીવાર	કાળી ચૌદશ - દિવાળી
તારીખ:	૧૫/૧૧/૨૦૨૦	રવીવાર	અમાસ
પડતર દિવસ(ધોકો)			
તારીખ:	૧૬/૧૧/૨૦૨૦	સોમવાર	નૂતનવર્ષ વિ. સં - ૨૦૭૭, નૂતન વર્ષ અને ભાઈબીજ બંન્ને ભેગા છે.
તારીખ:	૧૯/૧૧/૨૦૨૦	ગુરુવાર	લાભપાંચમ
તારીખ:	૩૦/૧૧/૨૦૨૦	સોમવાર	દેવદિવાળી

ઉપરોક્ત તહેવારો નો કાર્યક્રમ આગામી દિવસો માટે ઉપયોગી છે.
અલગ થી **save** કરજો જેથી તરત કામ લાગે.

અવસાન નોંધ

તારીખ: ૨૭/૧૦/૨૦

સ્વ. રામજી દાનાભાઈ નાકરાણી

ઉમર : ૮૯ વર્ષ

કચ્છ : દેવીસર

હાલે : ઢોઢબાલાપુર(બેંગ્લોર)